GJVD040036112022

રજુ તારીખ: ૦૭/૧૦/૨૦૨૨
રજિસ્ટરે લીધા તારીખ: ૦૭/૧૦/૨૦૨૨
ફેંસલ તારીખ: ૧૦/૦૫/૨૦૨૩
સમયગાળો: વર્ષ માસ દિવસ

---

**પાદરાના મહે.એડી..સીની. સીવીલ જજ અને એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, પાદરા.**

ક્રિમીનલ કેસ નં.:૩૧૧૬ /૨૦૨૨
આંક: ૧૬

ફરીયાદી : સરકારશ્રી

*વિરૂધ્ધ*

આરોપી : જૈમીનભાઈ વિઠઠલભાઈ પાટણવાડીયા
રહેવાસી: ચીત્રાલ,
તા.પાદરા, જી. વડોદરા.

---

**ગુનો : ઈ.પી.કો.કલમ ૨૭૯**

---

**ફરીયાદી તર્ફે : વિ.એ.પી.પી.શ્રી એચ.એ.પ્રજાપતિ**
**આરોપી તર્ફે : વિ.વ.શ્રી *ડી.એમ.પ્રજાપતિ***

---

**-:: ઠ રા વ ::-**

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપીએ તારીખ ૧૭.૦૮.૨૦૨૨ ના રોજ કલાક ૧૨-૦૦ વાગ્યાના સુમારે પાદરા જંબુસર રોડ ઉપર રોડ ઉપર મુવાલ ચોકડી પાસે પોતાના કબજાનીસી.એન.જી.રીક્ષા જેનો રજી. નંબર જી.જે. ૦૬ એવાય ૮૬૩૮ની પુરઝડપે,

ગફલતભરી રીતે અને બેદરકારીથી હંકારી લાવી પકડાઈ જઈ ગુનો કરેલ છે. જેથી તેની વિરૂધ્ધ વડુ પો.સ્ટે. પાર્ટ એ ૧૧૧૯૭૦૦૩૨૨૦૯૭૩/૨૦૨૨ અન્વયે ઈ. પી. કો. કલમ – ૨૭૯ મુજબનો ગુનો નોંધી તેમની વિરૂધ્ધ તપાસ કરી અત્રેની અદાલતમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) ચાર્જશીટ રજુ થતા ચાર્જશીટ રજીસ્ટરે લઈ આરોપીને સમન્સની બજવણી થતાં આરોપી તેમના વિ.વ.શ્રી મારફતે નામદાર કોર્ટમાં હાજર થતા, ક્રિ.પ્રો.કોડની કલમ ૨૦૭ અન્વયે પોલીસ પેપર્સની નકલો પુરી પાડેલ છે અને આંક: ૦૪ થી આરોપીનુ નિવેદન નોંધવામાં આવેલ છે. જેમા આરોપીએ તેના વિરૂધ્ધના ગુનાનો ઈન્કાર કરેલો છે. આથી આરોપી સામે આગળની ઈન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ છે.

(૩) ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ પોતાનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલા છે.

| **મૌખિક પુરાવો...** | | **આંક...** |
|---|---|---|
| (૧) | પંચ સાક્ષી મિતુલસિહ જશવંતસિહ ચૌહાણ ની જુબાની | ૦૭ |
| (૨) | પંચ સાહેદ સુરેશભાઈ અંબાલાલ બારીયાનીજુબાની | ૦૯ |
| (૩) | ફરીયાદી એલ.આર.પી.સી. સંજયભાઈ ઈશ્વરલાલની જુબાની | ૧૨ |

**દસ્તાવેજી પુરાવો...**

| | | |
|---|---|---|
| (૧) | ગુનાવાળી જગ્યાનું પંચનામું | ૦૮ |
| (૨) | ફરીયાદ | ૧૩ |

(૪) ઉપરોકત પુરાવો પુરો થયા બાદ આરોપીનું ક્રિ.પ્રો.કોડની કલમ ૩૧૩ અન્વયે વિશેષ નિવેદન નોંધવામાં આવતા તેઓએ ફરીયાદપક્ષના કેસની હકીકતોનું ખંડન કરેલ છે અને પોતાના બચાવમાં કોઈ સાક્ષી તપાસેલ નથી કે પુરાવા રજુ કરેલ નથી અને પોતે નિર્દોષ હોવાનું જણાવેલ છે. આથી છેલ્લે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રી એચ. એ. પ્રજાપતિ તથા આરોપી તરફે વિ.વ.શ્રી ડી.એમ. પ્રજાપતિની દલીલો સાંભળવામાં આવેલ છે.

(૫) આ કેસના ન્યાય નિર્ણય માટે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીએ તારીખ ૧૭.૦૮.૨૦૨૨ ના રોજ કલાક ૧૨–૦૦ વાગ્યાના સુમારે પાદરા જંબુસર રોડ ઉપર રોડ ઉપર મુવાલ ચોકડી પાસે પોતાના કબજાનીસી.એન.જી.રીક્ષા જેનો રજી. નંબર જી.જે. ૦૬ એવાય ૮૬૩૮ ની પુરઝડપે, ગફલતભરી રીતે અને બેદરકારીથી હંકારી લાવી પકડાઈ જઈ આરોપીએ ઈ.પી.કો.કલમ ૨૭૯ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

(૬) ઉપરોકત મુદ્દાની કારણોમાં ચર્ચા કરી છે તે મુજબ નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમા,

(૨) આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નંબર.૧...**

(૭) આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે એ હકીકત નિ:શંકપણે પુરવાર કરવી જરૂરી છે કે, આ કામના આરોપી પોતાનું વાહન પુરઝડપે તથા ગફલતભરી રીતે અને બેફીકરાઈથી ચલાવતા હતા. ફરીયાદપક્ષ ધ્વારા આંક: ૦૭ થી અને આંક ૦૯ થી પંચ સાક્ષીઓને તપાસવામાં આવેલા છે. આ બન્ને સાક્ષીઓ ધ્વારા પોલીસના કહેવાતી પંચનામામાં સહી કરેલ હોવાની હકીકત જણાવેલ છે. એ.પી.પી.શ્રી ધ્વારા ત્યારબાદ ઉલટતપાસમાં જરૂરી પ્રશ્નો પુછવા છતાં પણ પંચનામાની વિગતોને સમર્થન મળે તેવી કોઈ હકીકત તેઓની જુબાની પરથી જણાતી નથી અને ત્યારબાદ ઉલટતપાસમાં પણ એ હકીકત તેઓ ધ્વારા કબુલ કરવામાં આવેલ છે કે, તૈયાર પંચનામામાં તેઓએ સહી કરેલી. આમ, ફરીયાદપક્ષ પંચનામાની હકીકતો સાબીત કરી શકેલ નથી.

(૮) આ કામે ત્યારબાદ આંક ૧૨ થી તપાસેલ ફરીયાદી એલ.આર.પી.સી. સંજયભાઈ ઈશ્વરલાલની જુબાની ધ્યાને લેવામાં આવે તો, તેઓ ધ્વારા ફરીયાદ હકીકતને સમર્થન આપતો પુરાવો રજુ કરેલ છે. પરંતુ ઉલટતપાસમાં એ હકીકત કબુલ કરેલ છે કે, બનાવની જગ્યાની આજુબાજુ ઘણા મકાનો તથા દુકાનો આવેલી છે અને ત્યાં વાહનોની / વસ્તીની સતત અવરજવર રહે છે. આ કામે ચાર્જશીટ ધ્યાને લેવામાં આવે તો તેમાં કોઈપણ સ્વતંત્ર સાક્ષીઓના નિવેદનો તપાસના કામે તપાસ કરનાર અધિકારી ધ્વારા લેવામાં આવેલ હોય તેમ જણાતુ નથી. આ કામે જેટલા પણ સાક્ષીઓ છે તે પોલીસ સાક્ષી છે અને અન્ય સ્વતંત્ર સાક્ષીના અભાવે ફકત પોલીસ સાક્ષીની જુબાની ઉપર આધાર રાખવો યોગ્ય જણાતુ નથી. આરોપી પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવતા હતા કે કેમ તે હકીકત ફકત ટ્રાફીક કામગીરીમાં હાજર રહેલા પોલીસ કર્મચારીના પુરાવાના આધારે સપૂર્ણ પણે અન્ય પુરાવાના અભાવે માની શકાય તેમ નથી.

(૯) વધુમાં આ કામે આંક ૦૮ નું પંચનામું જોવામાં આવે તો, તે પણ એક ટાઈપ

કરેલુ પ્રિન્ટેડ પંચનામું છે અને તેથી પણ બનાવ સ્થળ ઉપર આ પંચનામાં કરવામાં આવેલ હોવાની હકીકત ઉપર શંકા ઉદભવે છે.

**(૧૦)** ઉપરોકત તમામ પુરાવાના આધારે એ હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી કે આ કામના આરોપી પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવતા હતા અને તેથી મુદ્દા નં. ૧ નો જવાબ નકારમાં આપી મુદ્દા નં. ૨ અંગે છેવટનો આખરી હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

**<u>:: હુ ક મ ::</u>**

આ કામના આરોપી જૈમીનભાઈ વિઠ્ઠલભાઈ પાટણવાડીયા નાઓને ફોજદારી કેસ નંબર ૩૧૧૬/૨૦૨૨ ના કામે ઈ.પી.કો.કલમ ૨૭૯ મુજબના ગુન્હામાંથી સી.આર.પી.સી. કલમ ૨૫૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવીને છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

સી.આર.પી.સી. કલમ ૪૩૭(એ) અન્વયે, આરોપીએ રૂા. ૫૦૦૦/– ના જામીન તથા જાત મુચરકા રજુ કરવા અથવા અગાઉ આપેલા જામીન બાબતે જામીનદારે જામીન તરીકે ચાલુ રહેવાની પુરશીસ રજુ કરવી.

આ હુકમ આજરોજ તારીખ દસમી, માહે મે, સને ૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, જાહેર કર્યો.

તારીખ.૧૦/૦૫/૨૦૨૩

પાદરા.

**(એસ.આર. બટેરીવાલા)**
એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
પાદરા.
કોડ નં.જી.જે.૦૧૦૬૧